પોલીસ કમિશ્નરશ્રીની કચેરી, રાજકોટ શહેર
સ્પેશ્યલ શાખા, ફોન નં.૦૨૮૧-૨૪૪૧૦૭૬
E mail ID: spl-cp-raj@gujarat.gov.in

******** ચાઇનીઝ તુક્કલ જાહેરનામું********

ગુજરાત પોલીસ એકટ કલમ- ૩૩(૧)બી, યુ, એચ, અન્વયે કાઢેલ હુકમઃ-

નંબર એસબી/જાહેરનામુ/ ૬૬૬૮ /૨૦૨૧
તાઃ ૨૧/૧૦/૨૦૨૧

હુકમઃ-

છેલ્લા કેટલાક સમયથી દિવાળી અને દેવદિવાળી જેવા અન્ય તહેવારો વખતે ચાઇનીઝ તુકકલ, ચાઇનીઝ લેન્ટર્ન ખુબ જ વધારે પ્રમાણમાં આકાશમાં ઉડાવવામાં આવે છે. તુકકલમાં હલકી કવોલીટીના સળગી જાય તેવા વેકસ પદાર્થોને કારણે પર્યાવરણને પણ નુકશાન થાય છે. તેમજ સળગતી તુકકલ ગમે ત્યાં પડવાના કારણે જાનમાલ અને સંપતિને ઘણુ જ નુકશાન થાય છે. તેમજ શહેરની મધ્યમાં એરપોર્ટ (એરોડ્રામ) આવેલ હોય, આથી આવી બાબત નિવારવા ગુજરાત રાજય ગાંધીનગર પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી ક્રમાંકઃજી-૧/કા અને વ્ય/ટે-૩/એરપોર્ટ સીકયુ./૨૬૯૧/૨૦૧૬, તા.૨૬/૦૯/૨૦૧૬ ના ઓર્ડર મુજબ આદેશનું પાલન કરવાનુ રહે છે. આથી પ્રજાના જાનમાલ તથા સંપતિને નુકશાન ન થાય અને શહેરમાં કાયદો અને વ્યવસ્થા જાળવણી હેતુસર નિયંત્રણો મુકવા આવશ્યક જણાય છે.

જેથી હું મનોજ અગ્રવાલ, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ ગુજરાત પોલીસ એકટ કલમ ૩૩(૧) બી, યુ., એચ અન્વયે મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છુ કે, રાજકોટ શહેરમાં ફરજ બજાવતા સંયુકત પોલીસ કમિશ્નરશ્રીના દરરજાથી પો હેડ કોન્સ. શ્રીનો હોદો ધરાવનાર અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ આઇ.પી.સી. કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવેલ છે.

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં આગામી દિવાળી તેમજ દેવદિવાળી પર્વને અનુલક્ષીને તા.૨૪/૧૦/૨૦૨૧ના કલાક-૦૦/૦૦ થી તા.૧૫/૧૧/૨૦૨૧ ના કલાક-૨૪/૦૦ સુધી ચાઇનીઝ તુકકલ કે ચાઇનીઝ લેન્ટર્નના ઉત્પાદન, વેચાણ કે ઉડાડવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે એટલે કે રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં કોઇપણ વ્યકિત ચાઇનીઝ તુકકલ કે ચાઇનીઝ લેન્ટર્નનું ઉત્પાદન, વેચાણ કરી શકશે નહી અને આમ પ્રજાજનો આ ચાઇનીઝ તુકકલ કે ચાઇનીઝ લેન્ટર્ન ઉડાડી શકશે નહી.

******** અમલવારી સમય ********

તા.૨૪/૧૦/૨૦૨૧ ના કલાક-૦૦/૦૦ થી તા.૧૫/૧૧/૨૦૨૧ ના કલાક-૨૪/૦૦ સુધી.

********પ્રતિબંધીત વિસ્તાર ********

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ એકટ કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે નોટીશની બજવણી કરવી શકય ન હોય આથી એકતરફી હુકમ કરૂ છુ. સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટીશ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે તેમજ સહેલાઇથી જોઇ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા.૨૧ /૧૦/૨૦૨૧ ના રોજ મારી સહી સિકકો કરી આપેલ છે.

COMMISSIONER OF POLICE SPL.BR. RAJKOT CITY

21/X/21

(મનોજ અગ્રવાલ)
પોલીસ કમિશ્નર
રાજકોટ શહેર, રાજકોટ

નકલ સવિનય રવાનાઃ-

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.

(૨) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ. રા. ગાંધીનગર

(૩) અધિક પોલીસ મહા નિદેશકશ્રી, (ઈન્ટે.) ગુ.રા.,ગાંધીનગર.

(૪) પોલીસ કમિશ્નરશ્રી,અમદાવાદ શહેર, વડોદરા શહેર, સુરત શહેર.

નકલ રવાનાઃ

(૧) ખાસ મુખ્ય પોલીસ અધિકારીશ્રી, રાજકોટ રેન્જ, રાજકોટ.

(૨) કલેકટરશ્રી, રાજકોટ

(૩) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, રાજકોટ શહેર.

(૪) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ઝોન-૧, રાજકોટ શહેર

(૫) પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ રૂરલ, રાજકોટ

(૬) એ.સી.પી.શ્રી. પુર્વ વિભાગ/પશ્ચિમ વિભાગ/ક્રાઇમ બ્રાંચ/ટ્રાફીક શાખા/હેડ કવા./એસસી-એસ.ટી.સેલ, રાજકોટ શહેર

(૭) જીલ્લા સરકારી વકિલશ્રી, સેસન્સ કોર્ટ, રાજકોટ.

(૮) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ, રાજકોટ. (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).

(૯) નિયામકશ્રી, માહીતી ખાતું ડો.જીવરાજ મહેતા ભવન જુના સચિવાલય બ્લોક નં.૭, બીજા માળે,ગુ.રા., ગાંધીનગર.

(૧૦) આસીસ્ટન્ટ કમિશ્નર ઓફ ઇન્ટે.(ઈન્ટે.), રાજકોટ રીજીયન, રાજકોટ.

(૧૧) નાયબ પોલીસ અધિક્ષકશ્રી,/પો.ઈન્સ.શ્રી, રાજકોટ રેલ્વે જંકશન પો.સ્ટે.

(૧૩) તમામ પો.સ્ટે.ઈન્ચાર્જશ્રીઓ,રાજકોટ શહેર(પાંચ નકલમાં..નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન ધ્વારા જાહેરાત કરાવવા સારૂ)

(૧૪) તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ, રાજકોટ શહેર.

(૧૫) કન્ટ્રોલ ઈન્ચાર્જશ્રી, રાજકોટ શહેર (૧૦ નકલ) વર્તમાનપત્રોને આપવા સારૂ.

(૧૬) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, સોલા રોડ ગુ.રા.અમદાવાદ.

(૧૭) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, રાજકોટ.

(૧૮) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, રાજકોટ.

(૧૯) રજીસ્ટ્રારશ્રી, એડીશ્નલ સેશન્સ જજ કોર્ટ, રાજકોટ.

(૨૦) એકઝીકયુટીવ મેજી.શ્રી, રાજકોટ શહેર(પુર્વ/દક્ષિણ/પશ્ચિમ).

(૨૧) એકઝીકયુટીવ મેજી.શ્રી, રાજકોટ તાલુકા.

(૨૨) નાયબ માહીતી નિયામકશ્રી, રાજકોટ.
(સ્થાનીક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા અને વર્તમાનપત્રોની કાપલીઓ મોકલવા સારૂ)